**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૯૨૨૩ (પરીક્ષા નિયામક)**
**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬,**
**ટેલિગ્રામ : યુનિગુજરાત,**

# ગુજરાત યુનિવર્સિટી

**નં. પરીક્ષા/૪-અ/૨૫૪૫૦/૨૦૧૫**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૨૪-૭-૨૦૧૫**

**પરિપત્ર નં. :** ૧૬૪

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. તથા બી.સી.એ. (UG) વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આગામી ઓગસ્ટ-૨૦૧૫ માસમાં સેમેસ્ટર-૫ની પૂરક પરીક્ષા લેવાનું નક્કી થયેલ છે. **સેમેસ્ટર-૫ના આવેદનપત્રો નિયત ફી સાથે વિદ્યાર્થી પાસેથી કૉલેજે સ્વીકારવાની છેલ્લી તા. ૭-૦૮-૨૦૧૫ અને કૉલેજે તા. ૧૦-૮-૨૦૧૫ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.** ત્યાર બાદ કોઈ પણ આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

(૧) ઓર્ડિ.ની જોગવાઈ મુજબ B.A., B.Com., B.Sc., B.B.A. અને B.C.A. પરીક્ષાનાં નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| *ક્રમ* | *પરીક્ષાનું નામ* | *પરીક્ષા ફી* | *પ્રેક્ટિકલ ફી* | *ફોર્મ ફી* | *કુલ રકમ* |
|---|---|---|---|---|---|
| ૧. | B.A. Semester-૫ | ૧૭૫/- | ---- | ૨૫-૦૦ | **૨૦૦-૦૦** |
| ૨. | B.Com. Semester-૫ | ૧૭૫/- | ---- | ૨૫-૦૦ | **૨૦૦-૦૦** |
| ૩. | B.Sc. Semester-૫ | ૧૭૫/- | ૧૫૦-૦૦ | ૨૫-૦૦ | **૩૫૦-૦૦** |
| ૪. | B.B.A. Semester-૫ | ૫૦૦/- | --- | ૨૫-૦૦ | **૫૨૫-૦૦** |
| ૫. | B.C.A. Semester-૫ | ૫૦૦/- | --- | ૨૫-૦૦ | **૫૨૫-૦૦** |

**[ખાસ નોંધ : સેમેસ્ટર-૧ થી ૪ અને ૬માં પાસ હોય તેવા અને સેમેસ્ટર-૫માં એક પેપર/વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓના જ ફોર્મ ભરાવવાના રહેશે.]**

(a) આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રેક્ટિકલ લેવામાં આવતી હોય તે વિષયો માટે કુલ ફી રૂ. ૨૫૦/- અને અન્ય વિષયો માટે રૂ. ૨૦૦/- લેવાની રહેશે..

(૨) સેમેસ્ટર-૫ના પરીક્ષા ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પ્રિન્ટ કાઢી ફોર્મ ભરાવવાના રહેશે.

(૩) સેમેસ્ટર-૫ પરીક્ષા ફોર્મની Online એન્ટ્રી કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે.

(૫) આપની સંસ્થામાં આગામી પરીક્ષામાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે. (**માત્ર CTS Code વાળો Demand Draft સ્વીકારવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.**)

***[P.T.O.***

(૬) યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

(૭) અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

(૮) **કૉલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ આપવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

**ડી. એમ. પટેલ**
પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.બી.એ. તથા બી.સી.એ. વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ/ અધ્યક્ષશ્રીઓ તરફ
(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,
(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,
(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,
(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.